**Samvid Multidisciplinary Research Journal**
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# ટાગોરકૃત “ગોરા” માં ભારતીયતાનું દર્શન

**વ્યાસ અર્પિતાબેન ભરતભાઇ**
ડી.એન.પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા

---

રવિન્દ્રનાથ ટાગોર ભારતના મહાન કવિ, લેખક, દાર્શનિક, સંગીતકાર અને શિક્ષણવિદ હતા.1913માં તેમના કાવ્યસંગ્રહ “ગીતાંજલિ” ને સાહિત્ય માટેનો નોબેલ પ્રાપ્ત થયો હતો. આ સાહિત્ય પુરસ્કારથી તેઓ નોબેલ મેળવનાર પ્રથમ એશિયાઈ બને છે.તેમના દ્વારા રચાયેલા ગીતાને રવિન્દ્ર સંગીત તરીકે ઓળખવામાં આવે છે.ભારતનું રાષ્ટ્રગીત “જન ગણ મન” અને બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત “આમાર સોનાર બાંગ્લા” બંને તેમને જ રચ્યાં છે.

રવિન્દ્રનાથ ટાગોર દ્વારા લિખિત ‘ગોરા’ 1910માં ભારતીય સાહિત્યની સૌથી નોંધપાત્ર ગહન નવલકથાઓમાંની એક છે.આ પુસ્તક માત્ર ઍક વાર્તા નથી, પરંતુ તે સમયના ભારતના સામાજિક, ધાર્મિક અને રાજકીય પાસાઓનો એક દસ્તાવેજ છે.‘ગોરા’ નવલકથાને આધુનિક ભારતનું ‘મહાભારત’ કહીને ડૉ. સુકુમાર સેન ઓળખાવે છે.

ગોરા એક અદ્દભૂત નવલકથા છે.વિશાળ પટ પર પથરાયેલી છે.આ નવલકથા 1907/1908 ના સમય ગાળામાં લખાયેલી. આ નવલકથામાં 1910 માં પ્રકાશિત થાય છે.

નવલકથાનો મુખ્ય પાત્ર ‘ગોરા’ છે.જે એક ચુસ્ત હિંદુ બ્રાહ્મણ યુવાન છે. તે અંધશ્રધ્ધામાં નહીં, પણ શુદ્ધ હિંદુ પરંપરા અને રાષ્ટ્રવાદમાં માને છે.વાર્તામાં ગોરા અને તેના મિત્ર વિનયના જીવનમાં આવતા વળાંકો બ્રહ્મો સમાજ સાથેનો તેમનો ટકરાવ અને પ્રેમપ્રકરણો દ્વારા તે સમયના બંગાળી સમાજનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

ગોરાના મતે દેશભક્તિ અને ધર્મ એકબીજા સાથે જોડાયેલા છે. તે વિદેશી સંસ્કૃતિ સામે ભારતીયતાનો બચાવ કરે છે. ગોરા અને તેનો મિત્ર વિનયનો ઉપન્યાસમાં મહત્વનો ભાગ છે. ગોરા હિંદુત્વ અને ભારતીય સંસ્કૃતિને સર્વોચ્ચ માને છે. જ્યારે વિનય વધુ ઉદાર અને માનવતાવાદી વિચારો ધરાવે છે. કથામાં લલિતા અને સુચરિતા જેવા સ્ત્રી પાત્રો દ્વારા સમાજમાં સ્ત્રીની સ્થિતિ, સ્વતંત્રતા અને વિચારધારાનો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે.

‘ગોરા’ નવલકથાનો આરંભ મુખ્યપાત્ર ગોરાથી નથી થયો, પણ વિનયથી થયો છે. એના ઘરની બહાર ઘોડાગાડીને થતો અકસ્માત પરંપરાગત નવલકથાની રૂઢ થઈ ગયેલી પ્રયુક્તિ

સાથે આ નવલકથા આરંભાય છે. આરંભે આપની સામે 16/17 વર્ષની સુચરિતા એના પાલકપિતા પરેશબાબુ અને વિનય એટલે કે કૃતિના મુખ્ય પાત્રો અને રજૂ કર્યા છે.

ગાડી અને ઘોડાગાડી અથડાવવાથી મૂર્છા પામેલા વૃદ્ધને વિનય ગાડીમાંથી ઉતારવામાં મદદ કરે છે. અહીં પણ આપણને ભારતીયતાના દર્શન વિનયમાં જોવા મળે છે.

ગોરા પોતે એક ચુસ્ત સનાતની કર્મકાંડમાં માનનારો એક હિંદુ છે. એનું ભારતદર્શન સંકુચિત હિંદુ દર્શન છે. જુદી-જુદી ઘટનાઓ પરિસ્થિતિઓમાંથી મુક્ત થઈ કેવી રીતે ઉદાર દષ્ટિ પામે ભારત સર્વ સમન્યાત્મક ભારતનું અંતે દર્શન સાંધે છે. એ એનું મુખ્ય કેન્દ્ર છે. નવલકથાકારે બહિર્જગતના વાસ્તવમાંથી આંતરજગતના વાસ્તવ તરફ જવાનું પસંદ કર્યું છે. સનાતન હિંદુ વેળાએ અને સંકુચિત બ્રહ્મવેળા બંને મિથ્યા દર્ષ્ટિકોણને લેખકે ગોરા અને હારાનબાપુના પાત્રોમાં મૂકી છે.

ગોરા સુથારના યુવાન છોકરા નંદને મળે છે. નંદનું સ્વાસ્થ્ય અદ્દભુત હતું. પણ તે ઘા થવાથી મરી જાય છે. આ ઘટનાથી ગોરા અત્યંતવ્યથિત બને છે. નંદનું ના સમજુ માં એ ભૂવા બોલાવીને છોકરાના શરીરે ડામ અપાવે છે. તેથી ગોરા બહૂ ચિંતિત અને વેદના અનુભવે છે. નંદનો માર ગોરાને તથા તેના દેશને વાગ્યો છે. એવું ગોરા જ્યારે માને છે ત્યારે ખરેખર નવલકથામાં ભારતમાતાના દર્શન થાય છે. લોકોને શિક્ષિત કેવી રીતે કરવા તે ગોરાનું લક્ષ્ય બને છે. અહીં ભારતીય વ્યક્તિત્વના દર્શન થાય છે.

મુસલમાનના એ એક ગામમાં ગોરા આવે છે. ત્યાં ઐક્ય અને જાગૃતિ જોવે છે. ગામમાં હિંદુ નાયીનું એક ઘર છે. નાયી ઝઘડામાં જેલમાં ગયેલા મુસલમાન પિતાના એક ભૂખે મરતા એક શિશુને પાલી-પોશી રહ્યો છે. એના મનમાં માનવતાની દ્રષ્ટિએ ધર્મની પરંપરા સામે પ્રશ્નાર્થ ઉઠ્યો છે. હિંદુ નાયી મુસલમાનના છોકરાને આશરો આપી કલ્યાણનું કાર્ય કરે તેનું ખાવાથી શું ધર્મ ભષ્ટ્ર થાય? અને બાહ્ય ધર્મ પાળી પવિત્રતાના નામે અધર્મ આચરવામાં આવે તો તેને કેમ પ્રોત્સાહિત કરાય? વગેરેમાં ભારતીયતાનું પ્રતિબિંબ ઝીલાય છે.

જન સમાજ સાથે રહેવા તેમના પ્રશ્નો ઉકેલવા ગોરા ગામડાઓમાં ફરવા જાય છે, પણ એનું હિંદુત્વ તેને ગામડાના લોકો સાથે એકરૂપ બનવા દેતું નથી. 'ભારતવર્ષ મહાન છે' અતિ મહાન અને તે પણ હિંદુ ધર્મના પ્રચલિત આચાર વિચારના પાલનને લીધેજ એમ કંઇક ગોરા માનતો લાગે છે. તેણે પોતાના આચાર પણ આ વિચારને અનુરૂપ જ ઘડ્યા છે. શાસ્ત્રોક્ત્ત,

ધાર્મિક વિધિવિધાન પાળી શકતો સીમિતવર્ગ-બ્રાહ્મણવર્ગ જ તેને માટે આદરપાત્ર છે. ગામવાસીઓ પ્રત્યે ગોરાને સહિષ્ણુતા છે. સરકારના અત્યાચાર ભોગવતો એ વર્ગ પ્રત્યે ગોરાને દયાભાવ છે. તેમના દુઃખે તે પણ દુઃખી થાય છે.

આનંદમયીએ ક્યારેય આત્મપ્રવંચના કે ધર્મપ્રવંચના કરી નથી. તેમણે 'વસુધૈવ કુટુંબકમ્'ના લેખો વાંચ્યા નથી. છતાં શાસ્ત્રના પ્રખર પંડિતને ઘેર જન્મેલાં આનંદમયી પાસે એક અનાથ આપરિશ બાળકનો પ્રશ્ન ઉભો થાય છે. ત્યારે એક 'માં' તરીકે આનંદયી સર્વત્ર પ્રસરી રહે છે.

ગોરા પોતે હિંદુ નથી પણ એક આઇરિશ માતા-પિતાનું સંતાન છે. એનું રહસ્યોદ્ઘાટન થાય છે. ત્યારે એના માનસ સ્વભાવમાં થતા પરિવર્તનમાં પણ ભારતીયતા અનુભવાય છે. ભારતવર્ષના એક છેડેથી બીજા છેડા સુધીમાં તમામ દેવમંદિરોના બારણાં પોતાને માટે બંધ થઈ ગયા છે. એવી પ્રતીતિ થતાની સાથે જે ગોરા 'ભારતવર્ષની' બધી જાતિઓ મારી જાતિઓ છે, એમ માને છે. એવા સાર્વભૌમત્વ અને વિશાળ બંધુત્વની વિશાળ ભાવના તેના હૃદયમાં જાગે છે. માનવપ્રેમ એક સમાજ બહુસમાજ તરીકે વિસ્તરે છે.

તેને (ગોરા) ભ્રષ્ટ થવાનો ડર નથી રહેતો. તેથી તે ખરા મનથી ખરા ભારત વર્ષને પામવા મથે છે. ત્યાં તેનામાં ભારતવર્ષનાં "સુખ-દુઃખ", "શુભાશુભ" આવી વસે છે. ત્યારે તેનું સાચું કાર્યક્ષેત્ર 'ભારતવર્ષનું કલ્યાણ ક્ષેત્ર' બને છે. ગોરા પરેશબાબુને કહે છે: "આજે હું ભારતવર્ષીય છું." મારા મનમાં આજે હિન્દુ-મુસલમાન કે ખ્રિસ્તી એવો કોઈ સમાજનો કોઈ વિરોધ નથી.

"આજે આ નવલકથામાં ગોરા કહે છે ભારતવર્ષે મને પ્રાણથીય વધારે પ્રિય છે" અહીં ગોરાની માનવ સહજ જિકર અને રાષ્ટ્રીય-ભારતીયતા પ્રગટાવે છે. નવલકથાને અંતે ગોરા સત્યના પાયા ઉપર રચાયેલા માનવ સમાજનો મહિમા કહે છે.

ગોરા આનંદમયીને કહે છે, "તને નાત નથી, જાત નથી, ભેદભાવ નથી તું કેવળ કલ્યાણની પ્રતિમા છે. તું જ મારુ ભારતવર્ષ છે" એ સાથે તેને ભારતીયતાના દર્શન થાય છે.

આમ, ગોરા 'કૃતિમાં' જીવંત મનુષ્ય કરતા ભારતવર્ષના આત્મબોધના પાત્ર તરીકે વિકસી રાષ્ટ્રીય પ્રેમનું દ્યોતક બન્યું છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

❖ **સંદર્ભ :-**


- ગોરા - રવિન્દ્રનાથ ટાગોર - મિહિર પ્રકાશન રાજકોટ
- ભારતીય નવલકથા – પ્રથમ આવૃતિ : ૨૦૧૨ – પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
- નવલકથા સબંધિત યુટ્યુબ વિડીઓ - શરીફા વીજળીવાળા